# સૂરજ, ચંદ્ર અને તારા

– કુસુમ ભૂપેન્દ્ર દવે

વરસો પહેલાંની વાત છે. એક ગરીબ વૃદ્ધ સ્ત્રીને ત્રણ છોકરાં હતાં. બે દીકરા અને એક દીકરી હતી. તેમનાં નામ સૂરજ, ચંદ્ર અને તારા. તારાનો રંગ શ્યામ હતો. તેથી સૂરજ તેને રાત કહેતો હતો. ચંદ્રને તારાની ટમટમ કરતી બે નાની નાની આંખો બહુ જ ગમતી હતી. તે તેને ઘણી જ વહાલી લાગતી હતી. વૃદ્ધા ખૂબ જ ગરીબ હતી. એટલે જેમ તેમ કરીને તેનાં બાળકોનું ભરણપોષણ કરતી હતી.

એક દિવસની વાત છે. વૃદ્ધાને ઘેર એક જૂના, ઓળખીતા ભાઈ મળવા આવ્યા. તેઓ આખો દિવસ રહ્યા. તેમને ત્યાં જમ્યા. આરામ કર્યો અને જતી વખતે કહેવા લાગ્યા કે, 'માજી, કાલે તમે તમારાં ત્રણે બાળકોને જમવા મોકલજો.'

વૃદ્ધ સ્ત્રીએ તો તેમનું આમંત્રણ સ્વીકારી લીધું. અને, બીજે દિવસે જ ત્રણે ભાઈ–બહેનને તેમના ઘેર મોકલ્યા. ત્યાં તેમનું ખૂબ સુંદર સ્વાગત કરીને જમવા બેસાડયા. જમવામાં ખૂબ જ સુંદર અને સ્વાદિષ્ટ રસોઈ પીરસી. બધાં પેટ ભરીને જમ્યાં. આરામ કર્યો અને સાંજ પડતાં ઘેર આવવા નીકળ્યાં. તેઓ ઘેર પહોંચીને તેમની મા પાસે ગયાં. માએ તેમને પૂછયું, 'બેટા, તમે શું શું જમ્યાં?'

આ સાંભળી સૂરજે ખુશ થઈને કહ્યું, ''મા, તું કાંઈ ન પૂછ, મેં તો એટલું ખાધું છે કે, મારું તો



પેટ ફુલી ગયું છે.' આમ બોલીને સૂરજે તેના પેટ ઉપર હાથ ફેરવ્યો.

હજુ તો મા તેની આ વાત પૂરી સાંભળે તે પહેલાં તો તેની નાની દીકરી તારાએ તેની ઝોળી માની પાસે ખાલી કરી દીધી. પછી તે પોતાની આંખો ટમટમાવતી બોલી, 'મા,હું તો થોડું પણ ખાઈ ન શકી. થાળીની પાસે બેસતાં જ તારી યાદ આવી ગઈ. મને વિચાર આવ્યો કે, તું એકલી તારે માટે ખાવાનું નહીં બનાવે. જરૂર ભૂખી બેઠી હોઈશ.'

આ સાંભળીને માને થયું કે, 'બાળકો ભૂખ્યાં તો પાછા નહીં આવ્યાં હોય ને? આવું કેમ બોલે છે ?'

માને પોતાની સામે જોતી જોઈને ચંદ્રએ ખિસ્સામાં ભરેલી મીઠાઈ માની સામે ધરી દીધી. આ જોઈને મા બોલી ઊઠી, 'આ શું છે ? તેમણે મારા માટે મીઠાઈ મોકલી છે?' 'ના, મા, જ્યારે હું અડધું જમી રહ્યો હતો, ત્યારે અચાનક તારી યાદ આવી ગઈ. તેથી પાછળ વધેલી મીઠાઈ હું તારા માટે લઈ આવ્યો છું.'

બંને બાળકોનો આટલો પ્રેમ જોઈને મા ગદ્ગદિત બની ગઈ. તેમણે ચંદ્ર અને તારાને છાતીએ લગાડયાં, અને સૂરજ ઉપર ગુસ્સે થઈને બોલી, 'તું ઘણો સ્વાર્થી નીકળ્યો, તેથી જા, તું હંમેશાં એકલો જ રહીશ.'

ત્યારથી સૂરજ જ્યાં જાય છે ત્યાં એકલો જ હોય છે, અને ચંદ્ર અને તારા હંમેશા સાથે જ રહે છે.

■